ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર જિલ્લામાં ત્રણ વર્ષમાં ૧૨,૩૬૫ લીલા વૃક્ષો કપાયા

## બારકોડેડ રેશનકાર્ડ આપનાર એજન્સીને ૨,૮૪,૫૯૦ ડિપોઝીટ જપ્ત કરાઈ છે : પુરવઠા મંત્રી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ગેરકાયદે રેતી ખનન થતી હોવાની ફરિયાદો અંગે કોંગ્રેસના શ્રી મહેન્દ્રસિંહ બારૈયાએ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનીજ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૪ જેટલી ફરિયાદો મળી છે.

આ ફરિયાદોમાં ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૦૫ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

**● શૌચાલય બનાવવા સહાય**

કોંગીના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં જાહેર તેમજ ખાનગી શૌચાલય બનાવવા ચુકવેલ સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૭૦૯૭ વ્યકિતગત શૌચાલય બનાવેલ છે તે માટે રૂ. ૩૦૨.૨૫ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧-૧૦-૧૨ થી ૩૦-૯-૧૩ દરમિયાન ગાંધીનગરમાં ૭૨૨, કલોલમાં ૨૬૪, માણસામાં ૭૫૭ અને દહેગામમાં ૫૯૭ મળી કુલ ૨૩૪૭ શૌચાલયો બનાવાયા હતા અને તે પેટે રૂ. ૯૨.૭૫ લાખની સહાય ચુકવવામાં આવી હતી.

૧-૧૦-૧૩ થી ૩૦-૯-૧૪ દરમિયાન ગાંધીનગરમાં ૧૬૫, કલોલમાં ૧૦૭૦, માણસામાં ૯૭૬ અને દહેગામમાં ૯૪૬ મળી કુલ ૪૭૫૭ શૌચાલયો વ્યકિતગત બનાવાયા હતા જે પેટે કુલ ૨૦૯.૫૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

**● દહેગામમાં નિરંતર શિક્ષણના વર્ગ**

કોંગીના કામિની બા રાઠોડે દહેગામ તાલુકામાં નિરંતર શિક્ષણના વર્ગો ૧-૬-૧૪ થી શરુ કરવામાં આવ્યા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યુંછે કે ૪૩ ગામોમાં ૬૪વર્ગો શરુ કરવામાં આવ્યા છે.

નિરંતર શિક્ષણના વર્ગો દ્વારા ૩૧-૫-૧૪ની સ્થિતિએ તાલુકાના ૧૧૧૯ નિરક્ષરોને સાક્ષર પણ કરવામાં આવ્યા છે.

**● બારકોડેડ રેશન કાર્ડ**

કલોલના કોંગી ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનો કોન્ટ્રેકટ અને ખર્ચને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં નવાબાર કોડેડ રેશનકાર્ડ આપવા અંગેનો કોન્ટ્રેકટ મે. સિલ્વરટચ ટેકનોલોજીઝ લી. અમદાવાદની એજન્સીને કામગીરી સોંપવામાં આવેલ છે.

૩૦-૯-૧૪ની સ્થિતિએ બે વર્ષમાં આ કંપનીને તેની કામગીરી પેટે રૂ. ૫૧,૩૨,૨૮૭ની રકમ ચુકવવામાં આવેલ છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે એજન્સીની નબળી કામગીરીને લઈ જિલ્લા અને રાજયકક્ષાએથી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.એજન્સીએ રજુ કરેલ બેંક ગેરંટી ૨૮,૪૫,૮૯૬ના ૧૦ ટકા રકમ એટલે કે રૂ. ૨,૮૪,૫૯૦ની રકમ પેનલ્ટી તરીકે જપ્ત પણ કરવામાં આવેલ છે તેમજ એજન્સીને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

**● ઓરડાઓની ઘટ**

ગાંધીનગર જિલ્લામાં ૨૭૭ વર્ગખંડોની ઘટ છે તેમ શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૮૨૫ ઓરડાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**● લીલા વૃક્ષો કાપવા બાબત**

જસદણના ધારાસભ્યશ્રી ભોળાભાઈ ગોહેલ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૩ વર્ષ દરમિયાન ૧૨૩૬૫ લીલા વૃક્ષો કાપવાની મંજુરી આપવામાં આવી છે.

જેમાં ગાંધીનગર તાલુકામાં ૬૯૧૭, દહેગામમાં ૧૨૭ માણસામાં ૧૮૮૭ અને કલોલમાં ૩૪૩૪ લીલા વૃક્ષો કાપવાની મંજુરી આપવામાં આવી છે.

**અને છેલ્લે-**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે રાજયના વિવિધ જિલ્લાઓમાં તલાટીઓ સેજામાં ન રહેતા હોવા અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૪૬ તલાટીઓ પોતાના સેજામાં રહેતા ન હોવાનું ધ્યાને આવ્યું છે.

# દરકારના અભાવે શહેરના બગીચાઓ ઉજ્જડ

## એક સમયે શહેરની ઓળખ ગણાતા સેક્ટરોમાં આવેલા બગીચાઓ પ્રત્યે તંત્રની ભારે બેદરકારી : બગીચાઓ ઉજ્જડ અને ગંદકીથી ઉભરાય છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની એક ઓળખ 'ઉદ્યાનોના નગર' તરીકેની પણ છે. જો કે છેલ્લા કેટલાક સમયથી તેમના પ્રત્યે ભારે બેદરકારી દાખવવામાં આવતા આ બગીચાઓ શહેર માટે કલંકરૂપ બની રહ્યા છે. ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. બગીચાઓ ઉજ્જડ બનતા નાના બાળકોને હવે રમવા માટે નવા સ્થળો શોધવાની જરૂરીયાત ઉભી થઈ છે.

ગાંધીનગરની રચના ખુબ જ પ્લાનીંગ સાથે કરવામાં આવી છે. બધી જ સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. સેક્ટરોમાં વસવાટ કરતા વસાહતીઓના બાળકો ફુરસદના સમયે બગીચામાં જઈ વિવિધ રમતો રમી શકે તે માટે મોટા ભાગના સેક્ટરોમાં જાહેર બગીચાઓ બનાવવામાં આવ્યા હતા. જુના સેક્ટરોના બગીચાઓ તો વસાહતીઓમાં ખુબ લોકપ્રિય હતા.



(તસવીર : દિપક જાની)

આ બગીચાઓની સારસંભાળ માટે સરકારે ખાસ માળીઓની નિમણૂંક પણ કરી હતી. જેઓ બગીચાઓને લીલાછમ્મ અને સ્વચ્છ રાખતા હતા. તબક્કાવાર આ માળીઓ નિવૃત્ત થતા અને નવી નિમણૂંક ન થતા બગીચાઓ ઉજ્જડ બનતા ગયા છે. બગીચાની લોન અને વૃક્ષોને પાણી ન અપાતા બગીચાઓ ધીમે ધીમે એકદમ વેરાન બની ગયા. વળી કેટલાક સેક્ટરોના બગીચાઓ લગ્ન માટે ભાડે અપાતા અહીં ગંદકીનું પ્રમાણ વધી ગયુ.

રાત્રીના સમયે સ્ટ્રીટલાઈટો બગીચાઓમાં બંધ થઈ જતા આ સ્થળ રાત્રીના સમયે અસામાજિક તત્વોના અડ્ડા બની ગયા છે. બેસવા માટેના બાંકડા અને રમતગમતના સાધનો તુટી જતા નાના બાળકોએ બગીચાઓમાં જવાનુ જ માંડી વાળ્યું છે. કેટલાક બગીચાઓ તો ક્રિકેટના મેદાન બની ગયા. વીઆઈપી ગણાતા સેક્ટરોમાં જો કે હજુ પણ બગીચાઓની સુંદર સારસંભાળ લેવામાં આવે છે. વીઆઈપીઓને ખુશ રાખવા માટે આઉટસોર્સિંગથી પણ બગીચાઓની સારસંભાળ માટે માણસો રાખવામાં આવ્યા છે. પરંતુ સામાન્ય વસાહતીઓ રહે છે તે વિસ્તારોના બગીચાઓ તરફ દુર્લક્ષ સેવવામાં આવતા બગીચાઓ સાવ વેરાન અને ઉજ્જડ બની ગયા છે.

# સ્કૂલ ફોર એક્સલન્સને તાળુ મારી દેવાયુ

# વિદ્યાર્થીઓના ભાવિ સામે ખતરો..!!

## અચાનક શાળા બંધ થઈ જતા વિદ્યાર્થીઓ દિશા વિહોણા : જિલ્લા શિક્ષણતંત્રને પણ રજૂઆત : વાલીઓમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૧૧

'એજ્યુકેશન હબ' બનતા ગાંધીનગરમાં શિક્ષણક્ષેત્રે આધુનિક અને સ્પર્ધાત્મક અભિગમ કેળવાયો છે. સરકારી અને ખાનગી શાળાઓ વચ્ચે ડે સ્કૂલો પણ ધમધમી રહી છે. આવા સંજોગોમાં શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીઓના ભાવિ સામે ગમે ત્યારે ખતરો મંડરાતો હોવાનો સવાલો પણ ખડા થાય છે. રાંધેજા નજીક સ્થિત સ્કૂલ ફોર એક્સલન્સ પણ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આજે એક સવાલ બનીને ઉભી છે. દ્વીતીય શૈક્ષણિક સત્રના પ્રારંભે સ્કૂલને અચાનક તાળા મારી દેવાતા વિદ્યાર્થીઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરમાં મોટા નામ સાથે અનેકવિધ શિક્ષણસંસ્થાઓ કાર્યરત છે. સ્પર્ધાત્મક બનતા આજના શિક્ષણમાં ફી વધારા અને ડોનેશનનુ દૂષણ આભડી જતા આમ પરિવારોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવાનું દિનપ્રતિદિન કપરૂ બનતુ જાય છે. એજ્યુકેશન હબ તરીકે ઉભરતા ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારમાં પણ અનેકવિધ ખાનગી શાળાઓ ધમધમે છે. સુવિધા સાથે શિક્ષણ પુરૂ પાડવાની ગુલબાંગો સાથે તોતિંગ ફી વસુલતા કેટલીક શિક્ષણ સંસ્થાઓ સામે અનેકવાર માંગણીઓ પણ ઉઠવા પામી છે. ત્યારે રાતોરાત આવી સ્કૂલને તાળુ મારી દેવાની ઘટના પ્રકાશમાં આવતા નગરના શૈક્ષણિક આલમમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે. રાંધેજા નજીક સ્થિત સ્કૂલ ફોર એક્સલન્સને બંધ કરી દેવાતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રજળી પડ્યા હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. બે વર્ષ અગાઉ પણ શિક્ષકોએ સામુહીક રાજીનામા ધરી દેતા શાળાની વિશ્વસનીયતા સામે પ્રશ્ન મંડરાયો હતો. જ્યારે દિવાળી બાદ ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન સ્કૂલને તાળુ મારી દેવાતા શિક્ષણજગતમાં પણ તરેહ તરેહની ચર્ચાએ જોર પકડ્યું છે. અચાનકજ સ્કૂલને તાળુ મારી દેવાતા વિદ્યાર્થીઓના ભાવિ સામે પણ પ્રશ્ન મંડરાયો છે. આ મામલે જાગૃત વાલીઓએ જિલ્લા શિક્ષણતંત્ર સમક્ષ પણ રજૂઆત કરી હોવાનુ ધ્યાને આવ્યુંછે. અડધા શૈક્ષણિક સત્ર બાદ શાળા બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓની હાલાકીનો પણ પાર રહ્યો નથી.

## આકાશમાં ૧૪મીથી ઉલ્કાવર્ષા નજારો

અમદાવાદ, તા.૧૧

દુનિયાભરના લોકોએ ઓક્ટોબરમાં ઓરીયોનીડસ તથા તા. ૧ નવેમ્બરે ટૉરીડસ ઉલ્કાવર્ષાની આતશબાજી નિહાળી હતી. હવે બીજા તબક્કામાં વિશ્વના લોકો તા. ૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન લીઓનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ અવકાશી નજારો નિહાળવા થનગની રહ્યા છે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખી તૈયારી આરંભી દીધી છે ત્યારે રાજ્યના વિજ્ઞાપ્રેમીઓને અવકાશી ઉલ્કાવર્ષાનો અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. રાજ્યભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે ભારત જન વિજ્ઞાન જાથાએ ખાસ આયોજન કર્યુછે. દુનિયાભરમાં દર વર્ષે નવેમ્બર માસમાં તા. ૧૪મી થી ૨૦ દરમ્યાન લીઓનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદભૂત જોવા મળે છે.

# કલ્ચરલ ફોરમની 'અર્ક' વ્યાખ્યાન માળામાં ૧૬મીએ શાહબુદીન રાઠોડનું વકતવ્ય

## હસો...હસાવો... અને હસી નાખો... વિષય પર રસપ્રદ વક્તવ્ય આપશે

ગાંધીનગર, તા. ૧૧

સુસંસ્કૃત અને સભ્ય સમાજના નિર્માણના ઉમદા આશયથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'અર્ક' વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આગામી તા. ૧૬ નવેમ્બરના રોજ સે. ૨૩ કડી કેમ્પસ સ્થિત ખિમજી વિશ્રામ હોલ ખાતે સાંજે ૪.૦૦ કલાકે હસો...હસાવો... અને હસી નાખો... વિષય પર વક્તવ્ય યોજાશે. જાણીતા હાસ્ય કલાકાર શાહબુદીન રાઠોડ પોતાની આગવી અદામાં રસપ્રદ વક્તવ્ય આપશે.

શહેરમાં કલા અને સંસ્કૃતિને લગતી વૃત્તિ-પ્રવૃત્તિને વેગ આપતી કલાસંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા સમાજ જીવનને સુસંસ્કૃત બનાવવાના ઉમદા આશય સાથે 'અર્ક'... વ્યાખ્યાનમાળાનુ આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે આગામી તા. ૧૬ નવેમ્બરના રોજ જાણીતા લેખક, ફીલોસફર અને હાસ્ય કલાકાર શાહબુદીન રાઠોડ હળવી શૈલીમાં રસપ્રદ વક્તવ્ય આપશે. 'હસતા-હસતા જીવી જવાની શીખ અને સમજણ' આપતા આ વક્તવ્યને સાંભળવા ઈચ્છતા નાગરિકોને તેમના નિમંત્રણ કાર્ડ સે. ૮ સ્થિત બ્લોક નં. ૬૮૩/૨ ખાતેથી મેળવી લેવા પણ જણાવાયું છે.

**ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)**

(ગુજરાત સરકારશ્રીની એક સ્વાયત સંસ્થાન)

ઓફિસ સરનામું : પ્લોટ નં. ૨૭૨-૨૭૩, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનીપાછળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬

ફોન નં. : ૦૭૯-૨૩૨૪૦૯૬૪, ફોન ફેક્સ નં. ૦૭૯-૨૩૨૪૦૯૬૫

ઈ-મેઈલ : info@gemi-india.org

વેબસાઈટ : www.gemi-india.org

**ટેન્ડર નોટીસ**

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી), ગાંધીનગર દ્વારા વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વે આનુષાંગિક સેવાઓ-સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માટેની 'કચેરી વ્યવસ્થાપન સુવિધા' પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડર, સીલબંધ કવરમાં ફક્ત રજી.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર બે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ ગેમી કચેરીમાંથી અથવા ઉપર જણાવેલ વેબસાઈટ પરથી મેળવી શકાશે.

આ કામ અંગેની પ્રિ-બીડ મીટીંગ તા. ૨૪/૧૧/૨૦૧૪ના રોજ બપોરે ૩-૦૦ કલાકે ઉપરોક્ત કચેરી ખાતે રાખેલ છે.

કોઈપણ ટેન્ડર, કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ અને 'નિયામકશ્રી ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપ (પરત નહીં ચૂકવવા પાત્ર) સાથે તા. ૨૭/૧૧/૨૦૧૪ના રોજ સાંજે ૬-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

તા. ૧૧/૧૧/૨૦૧૪ — ડો. સંજીવ ત્યાગી

સ્થળ : ગાંધીનગર — નિયામક

We Provide Environmental Solutions

## માનવ ચલે મંગલ કી ઔર, માનવતા ચલી જંગલ કી ઔર...

# ઉવારસદ ચોકડી પાસે હિટ એન્ડ રન

## અજાણ્યા વાહને યુવાનને મોતને ઘાટ ઉતારી દીધો

ગાંધીનગર, તા. ૧૧

માનવ ચલે મંગલ કી ઔર, માનવતા ચલી જંગલ કી ઔર..! ગાંધીનગર પાસે સ્થિત ઉવારસદ ચોકડી પાસે રસ્તો ઓળંગી રહેલા એક યુવાનને અજાણ્યા વાહનના ચાલકે બે રહેમીપૂર્વક અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધો અને તે યુવાનને ઈજા થઈ છે કે શું હાલત છે તે જોયા-જાણવાની તસ્દી પણ લીધા વગર વાહનચાલકે માનવતા નેવે મુકી ત્યાંથી રફુચક્કર થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. અડાલજ પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી હિટ એન્ડ રનની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારના અરસામાં ઉવારસદ ચોકડી નજીક રસ્તાની બાજુમાંથી મૃત હાલતમાં પડેલા એક અજાણ્યો યુવાન મળી આવ્યો હતો. શરીરે ગંભીર ઈજાઓ... બાજુમાં કોઈ વાહનના કાચના ટુકડા... અને યુવાનના શરીરે અડધુ-પડધુ સુકાઈ ગયેલુ લોહી..! અડાલજ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવતા ટીમ આવી ગઈ અને તપાસ કરી તો કોઈ અજાણ્યા વાહનની અડફેટે તે અજાણ્યા યુવાનનુ મૃત્યુ થયુ હોવાનું બહાર આવ્યુ. આશરે ૩૫ વર્ષના યુવાનની ઓળખ માટે તથા ટક્કર મારીને માનવતા નેવે મુકી ભાગી જનાર હીટ એન્ડ રનના ગુનાના આરોપી વાહનચાલકને શોધવા અડાલજ પોલીસે દોડધામ શરૂ કરી છે.

# નર્સની ભૂમિકા કોઈ પણ રીતે ડોકટરથી ઉતરતી નથી : અનિલ મુકીમ

## એપોલો હોસ્પિટલ દ્વારા પાંચમી નર્સિંગ કોન્કલેવ યોજવામાં આવી



ગાંધીનગર, તા.૧૧

વિકસિત દેશોમાં આરોગ્ય સેવાઓનું સ્તર ભારતમાં ઉપલબ્ધ આ પ્રકારની સેવાઓ કરતાં ઘણું ઊંચું છે, ત્યારે ભારતમાં આ સ્તર સુધારવા માટે નર્સિંગ માટે જે અભ્યાસક્રમ તથા તાલીમ આપવામાં આવે છે, તેમાં ઉચ્ચ હોસ્પિટલોમાં અપાતી અત્યાધુનિક સારવારને લગતી પદ્ધતિઓના પ્રત્યક્ષ અનુભવનો અભાવ એક મોટી સમસ્યારૂપ છે. એપોલો હોસ્પિટલ્સ, અમદાવાદા દ્વારા યોજવામાં આવેલી પાંચમી નર્સિંગ કોન્કલેવમાં ભાગ લેનારા નિષ્ણાતોએ આ પ્રકારનો મત વ્યક્ત કરવાની સાથે સાથે નર્સોની સોફ્ટ સ્કિલમાં સુધારો લાવવાની જરૂરિયાત પર પણ ભાર મુક્યો હતો.

એપોલો હોસ્પિટલ્સ ગ્રુપની તમામ સુવિધાઓમાં કામ કરતી નર્સો માટે પ્રતિ વર્ષ આ પ્રકારની કોન્કલેવ યોજવામાં આવે છે, જેનું આયોજન આ વર્ષો એપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે. આજે આ કોન્કલેવ પીડીપીયુ ઓડિટોરિયમ, રાયસણ ગાંધીનગર ખાતે યોજાઈ હતી અને તેનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના આરોગ્ય તથા પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રી અનિલ મુકીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજિસ્ટ્રાર શ્રીમતી જસુબેન પાટીદાર, એપોલો હોસ્પિટલ્સના નર્સિંગ વિભાગના ગ્રુપ ડાયરેક્ટર કેપ્ટન ઉષા બેનરજી અને એપોલો હોસ્પિટલ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ, અમદાવાદના સીઈઓ ડો. રાજેશ કામરાન ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષની નર્સિંગ કોન્કલેવનો મુખ્ય વિ"ાય સહયોગ તથા સહકાર દ્વારા આરોગ્ય સેવાઓના પરિણામને વધુ સારા કઈ

● અનુસંધાન પાના - ૭ પર

**નામ બદલેલ છે**

મારું જુનું નામ મહેશ્વરીબહેન જશવંતલાલ ત્રિવેદી હતું તે બદલીને મારું નવું નામ મનીષા હરેશ ત્રિવેદી રાખેલ છે.

સરનામું : બી-૨૦૩, કાનમ રેસીડેન્સી, કુડાસણ, ગાંધીનગર

# ટ્રાફિક એજ્યુકેશન હવે રોડસાઈડથી સોશ્યલ સાઈટ સુધી પહોંચ્યું !

## એક તરફ ટ્રાફિક પોલીસ માર્ગ અને સર્કલ પાસે વાહનચાલકોને અવેર કરી રહી છે અને સ્માર્ટફોન અને સોશ્યલ મીડીયા પર વિવિધ પોસ્ટ અને મેસેજ કરી રહી છે

**(દર્શન મારૂ),**

ગાંધીનગર, તા. ૧૧

૨૧મી સદી એ ઈન્ફોરમેશન ટેકનોલોજીની સદી છે. આજે સોશ્યલ મીડીયા લોકોની મજબુત તાકાત બની રહી છે. પરિણામે વર્તમાન સમયમાં વી.વી.આઈ.પી. થી માંડીને સામાન્ય લોકોમાં તેની ભારે બોલબાલા છે. તમામ ક્ષેત્રમાં સોશ્યલ મીડીયા હાલ આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. ત્યારે ગુજરાતમાં પોલીસે પણ સોશ્યલ મીડીયાને પોતાનું મજબુત હથિયાર બનાવી લીધુ. ટ્રાફિક સુરક્ષા, મહિલા સુરક્ષા, નાગરિક સુરક્ષા, સાઈબર ક્રાઈમ સહિત વિવિધ ક્ષેત્રે સોશ્યલ મીડીયા સાઈટના સહારે પોલીસ એક્ટીવ થઈ ગઈ છે અને નાગરિકોને સોશ્યલ મીડીયાના માધ્યમથી જાગૃત કરી છે.

દુનિયાભરમાં સોશ્યલ મીડીયા સાઈટના માધ્યમથી અનેક લોકોએ નવા પરિવર્તન લાવી દુનિયામાં પોતાની તાકાત બતાવી છે, ત્યારે પોલીસે પણ હાલ બળની ભાષા છોડી પ્રેમ અને કળની ભાષા અપનાવી રહી છે.

ગુજરાતમાં પોલીસ અને સામાન્ય નાગરિકો વચ્ચે સુમેળ સધાય તે માટે સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરી છે. જેના થકી સુરક્ષાના અનેક કાર્યક્રમો યોજી સમાજમાં જાગૃતા ફેલાવવાનો પ્રયાસ કરી છે. ગાંધીનગર જિલ્લા પોલીસ પણ આ ઝુંબેશમાં સક્રીય બની કામગીરી કરી રહી છે. પોલીસકર્મીથી લઈ અધિકારીઓ પણ સ્વૈચ્છાએ આ કામગીરીમાં જોડાઈ પોતાનું યોગદાન આપી રહ્યા છે. આજના વર્તમાન સમયમાં રાજ્યભરમાં સુરક્ષા સેતુ અંતર્ગત ટ્રાફિક અવેરનેશ, મહિલા સુરક્ષા, નાગરિક સુરક્ષા, મહિલા કાનુની શિબિર, માહિતી સેમિનાર, સમાજમાં ગુનાઓ બનતા અટકાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો, આરોગ્ય ચકાસણી, માર્ગદર્શન વગેરે સંદર્ભે સોશ્યલ મીડીયા સાઈટો, વોટસઅપ, ફેસબુક પર વધુ સક્રીય બની લોકોને જાગૃત કરી રહ્યા છે. બીજી બાજુ પોલીસ સમાજના વિવિધ વર્ગોના લોકોને નાગરિકોને પણ રૂબરૂ મુલાકાત કરી પોલીસની કામગીરી અને નાગરિકોએ ધ્યાનમાં રાખવાની તમામ બાબતો અંગે માહિતગાર કરી રહ્યા છે. જિલ્લા પોલીસ સુરક્ષાસેતુ મારફતે સ્વચ્છતા અભિયાન, સિનિયર સિટીઝન માટે સેમિનાર, શાળાના બાળકોને પોલીસ સ્ટેશન મુલાકાત માટે લાવી પોલીસની કામગીરી તથા હથિયાર નિર્દેશન, મહિલા સુરક્ષા સમિતિના સભ્યો સાથે વાર્તાલાપ, નેતૃત્વ વિકાસ, ચારિત્ર્ય ઘડતર તેમજ સામાજીક ઘડતર કાર્યક્રમ યોજી માહિતી પહોંચાડી રહ્યા છે. ઉપરાંત પોલીસ ૧૮૧ અભયમ, ૧૦૯૧ મહિલા હેલ્પલાઈન નંબરો જાહેર કરી તેનો ઉપયોગ કરી રહી છે. પોલીસ હાલ સોશ્યલ મીડીયા સાઈટો વોટ્સ-અપ, ફેસબુક, ટેલિગ્રામ, વિષય પર સક્રીય બની સ્માર્ટ ફોન પર નાગરિક

● અનુસંધાન પાના - ૭ પર

SANGHI CEMENT

Kisan

ashirvad C. PVC, UPVC

TATA STEEL • PIPES • SHEETS

BENELAVE BATH FITTINGS

DR. FIXIT

VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com